-130-10-2014

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

નં. પરીક્ષા/૨-અ/B.Ed./૩૧૧૭/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
**તા. ૧૩-૧૦-૨૦૧૪**

**પરિપત્ર નં. : ૨૧૯**

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ.

**વિષય : ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અંગે.**

ઉપરોક્ત બાબત પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન આપની સંસ્થામાં ગુજરાત યુનિવર્સિટી સિવાયનાં જે વિદ્યાર્થીઓ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી લીધેલ હશે પરંતુ જો કોઈ સંજોગોવશાત અત્યાર સુધીમાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી શકેલ ન હોય તો તે મેળવી લઈ અને તેવા વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન, યાદીમાં દર્શાવેલ સીરીયલ નંબર અનુસાર યાદી બનાવી મોકલી આપવી. **(ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટની ખરી નકલ આ સાથે બીડવાની રહેશે.)**

વધુમાં જે વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ સુધી મેળવ્યા ન હોય તેવા વિદ્યાર્થીઓની અલગ યાદી રજિસ્ટ્રેશન યાદીમાં દર્શાવેલ સીરીયલ નંબર અનુસાર મોકલી આપવી.

**ઉપરોક્ત માહિતી નીચેના નમૂના મુજબ આ કાર્યાલયને બિનચૂક મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીનું ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ જમા ન કરાવેલ હોય તેમના રજિસ્ટ્રેશન નંબર ફાળવવામાં આવશે નહીં અને તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. જે અંગેની નોંધ લેશો.**

| **અનુ. નંબર** | **રજિસ્ટ્રેશન યાદીમાં દર્શાવેલ સીરીયલ નંબર** | **વિદ્યાર્થીનું નામ** | **ફાઇનલ એલિજિ.ની નકલ સામેલ છે. / હા / ના** |
|---|---|---|---|
| | | | |

આભાર સહ,

આપનો વિશ્વાસુ

કુલસચિવ

નકલ રવાના :

(૧) પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(૨) એસ.ઓ.શ્રી, એલિજિબિલિટી વિભાગ, ગુજ. યુનિ. અમદાવાદ-૯.

E\deepak\B.Ed.-Paripatra FEC-૨૦૧૪-૧૫.pmd.